(1) મેળામાં

અભ્યાસ પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના શબ્દ જૂથમાંથી માન્ય શબ્દની નીચે લીટી કરો:

ઉત્તર

રમકડાં – રકમડા

ચકરડી – ચકરળી

આઈસક્રીમ – આસકરીમ

મદારી – મદાડી

મેરો – મેળો

ચગડોર – ચગડોળ

ફરકડી – ફળકરી

લાકરી - લાકડી

પ્રશ્ન 2. આ પાઠના ચિત્રના આધારે શિક્ષકે બોલેલા વાક્યો ફરી લખો:

(1) લઈ જાઉં આજે મેળામાં ચાલો હું તમને.

ઉત્તર : ચાલો, આજે હું તમને મેળામાં લઈ જાઉં.

(2) મેળામાં મજા કરીશું જઈ.

ઉત્તર : મેળામાં જઈ મજા કરીશું.

(3 ) દુકાનો છે મેળામાં ઘણી.

ઉત્તર : મેળામાં ઘણી દુકાનો છે.

(4) ચકર ચકર ફરતી છે ચકડોળ મેળામાં.

ઉત્તર : મેળામાં ચકર ચકર ફરતી ચગડોળ છે.

( 5) એક ફુગ્ગાવાળો વેચે છે ફુગ્ગા રંગબેરંગી.

ઉત્તર : એક ફુગ્ગા વાળો રંગબેરંગી ફુગ્ગા વેચે છે.

(6) દોરડા પર નટ લાકડી ચાલે છે લઈને.

ઉત્તર : નટ લાકડી લઈને દોરડા પર ચાલે છે.

(7) સાપનો ખેલ બતાવે મદારી છે.

ઉત્તર : મદારી સાપનો ખેલ બતાવે છે.

(8) આઇસક્રીમની માણી રહ્યા છે મજા લોકો કેટલા

ઉત્તર : કેટલાક લોકો આઇસક્રીમ ની મજા માણી રહ્યા છે.

(9) વિવિધ છે મીઠાઈઓ મીઠાઈની દુકાનમાં.

ઉત્તર : મીઠાઈની દુકાનમાં વિવિધ મીઠાઈઓ છે

(10) રમકડાં ખરીદી રહ્યા છે બાળકો કેટલાંક

ઉત્તર : કેટલાક બાળકો રમકડાં ખરીદી રહ્યા છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) મેળામાં કેટલીક દુકાનો દેખાય છે ? તેના નામ કહો.

ઉત્તર : મેળામાં ત્રણ દુકાનો દેખાય છે :

1) સોનુ મીઠાઈની દુકાન
2) હર્ષ આઇસક્રીમ સેન્ટર
3) પ્રણામ રમકડાંની દુકાન..

(2) દોરડા પર ચાલતા નટની હાથમાં શું છે ?

ઉત્તર : દોરડા પર ચાલતા નટની હાથમાં લાકડી છે.

(3) મદારી શું વગાડે છે?


ઉત્તર : મદારી ડુગડુગી વગાડે છે.

(4) કેટલાં બાળકો રમકડાં ખરીદી રહ્યાં છે ?

ઉત્તર : બે બાળકો રમકડાં ખરીદી રહ્યાં છે.

## સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. તમને મનપસંદ ચિત્ર મદદથી આઠ-દસ વાક્યો લખો ?



ઉત્તર : આ ચિત્ર બાગનું છે. બાગનું દરવાજો ખુલ્લો છે. ખુલ્લા દરવાજાની બંને બાજુ ખીલેલા ફૂલો છે. દરવાજા પાસે ત્રણ વૃક્ષો છે, વૃક્ષો નીચે બે બાકડા છે. બાગની વચ્ચે ફૂવારો છે. ફુવારા પાસે નાનું તળાવ છે. એમાં ત્રણ બતક તરે છે. ચાર બાળકો શેતરંજી ઉપર બેઠા છે. બે છોકરીઓ હીંચકા ઉપર હીંચે છે. બે બાળકો દડાથી રમે છે. બે છોકરા લપસણી ખાય છે. બે બાળકો આઇસક્રુટ ખાય. છે. ઝાડની નીચે એક કૂતરું બેઠું છે. બાંકડા પર એક પુરુષ અને એક સ્ત્રી બેઠા છે.

પ્રશ્ન 2. વર્તમાન પત્રો કે સામયિકો માંથી વાત ચિત્રો મેળવી, તેના પરથી એક વાર્તા લખો ?

ઉત્તર : કાનમાં શું કહ્યું?

કનુ અને મનુ મિત્રો હતા, એક વખત તે જંગલમાંથી પસાર થતા હતા. જંગલમાં એકબીજાનો સાથ નહિ છોડવાનું તેમણે નક્કી કર્યું હતું. રસ્તામાં તે ચાલતો હતો ત્યાં તેમણે એક રીંછ અને એની તરફ આવતું જોયું. કનુએ મનુને કહ્યું, 'જો, રીંછ આપણી તરફ આવે છે. મનું ઝડપી દોડીને પાસેના ઝાડની ઊંચી ડાળ પર પહોંચી ગયો, એણે કનુને છોડી દીધો.

કનુ અને ઝાડ પર ચડતાં આવતું નહોતું. તેથી તે જમીન પર ચત્તો સુઈ ગયો. રીંછ કનુ પાસે આવ્યું, તેને સૂંઘ્યો. કનુએ થોડો સમય પોતાનો શ્વાસ રોકી દીધો. રીંછને લાગ્યું કે કનુ મરી ગયો છે, તેથી તે ચાલ્યું ગયું. મનું ઝાડ પરથી ઊતર્યો ને કનુને પૂછયું, "તને રીંછે કાનમાં શું કહ્યું ?" કનુએ કહ્યું, “રીંછે મને કહ્યું કે જે મિત્રો મુશ્કેલીના સમયે છોડી ને ભાગી જાય એનો વિશ્વાસ ન કરવો."